સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

'મફત' ને માફ કરવાની હોડ લાગી છે!
મતદાર ને રીઝવવાની દોડ લાગી છે,
બાંધે છે રોડ અનીતિ - આળશનો પ્રજા માટે
આ નેતાઓમાં જ નિષ્ઠાની ખોડ લાગે છે...

હાઈકુ

'માફ કરશું'
અનીતિ - આળસના
પીટો ઢંઢેરા...

ભાંગી નાખશું -
કાયદા ને નિયમો...
લ્યો! મત-માટે...

ચિંતન

ઉભયોરપિ વૈતથ્યં ભેદાનાં સ્થાનયોર્યદિ ।
ક એતાન્બુધ્યતે ભેદાન્કો વૈ તેષા વિકલ્પક: ॥

ઉપરોક્ત શ્લોક તૈતરિય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જો (જાગ્રત અને સ્વપ્ન) બંને સ્થાનોના પદાર્થોનું મિથ્યાત્વ જ હોય, તો આ પદાર્થોને કોણ જાણે છે, અને કોણ વળી તેની કલ્પના કરનાર છે?

વેદાન્તીઓ કહેવા પ્રમાણે જો જાગ્રત અને સ્વપ્નાવસ્થાના પદાર્થો મિથ્યા હોય, તો ચિત્તની અંદર કે બહાર કલ્પાનામાં આવેલ એ પદાર્થોને જાણવા વાળું કોણ છે? કોણ તેની કલ્પના કરે છે? એવો સવાલ પૂર્વપક્ષી કોણ છે?

બૌદ્ધ દર્શન મુજબ કોઈ કર્તા કે આત્માનું અસ્તિત્વ જ નથી. આપણને જાત જાતની ખોટી પ્રતીતિ થાય છે; પણ અંત તો ગત્વા કશું યે રહેતું નથી. કેવળ શૂન્ય જ રહે છે આત્માના અસ્તિત્વનો ઈન્કાર કરનાર મનુષ્યના અસ્તિત્વનો આપોઆપ સ્વીકાર થઈ જ જાય છે.

સુવિચાર

- સફલ રિશ્તોં કે યહી ઉસૂલ હૈ, બાતેં ભૂલીયે, જો ફિઝુલ હૈ - **સમીર**
- બહારના વિનયથી અવતાર મળે, અંદરના વિયનથી મોક્ષ મળે - **પૂજ્ય મોટા**
- લઘુત્તમમાં રહે, એને ગુરુત્તમ પદ મફત મળવાનું જ છે - **જન કલ્યાણ**
- 'સેબોટેજ' (ભાંગફોડ) કરે એ અજ્ઞાન, 'હેલ્પ' (નિવારણ) કરે એ જ્ઞાન - **આમસૂત્ર**
- જીવતાં મોક્ષ એટલે ભયંકર ઉપાધિમાં સમાધિ રહે તે - **એસ. ભટ્ટાચાર્ય**
- શુદ્ધ વ્યવહાર નિર્અહંકારી હોય, જેમાં અહંકારનો છાંટો ય ના હોય એ શુદ્ધ વ્યવહાર - **રમણ મહર્ષિ**
- આજનું ઔષધ : અર્જુન છાલનું ચૂર્ણ અક્કલકરાના મૂળના ચૂર્ણ સાથે ૨-૨ ગ્રામ લેવાથી હૃદયરોગમાં ફાયદો થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

અકબરના દરબારમાં કોઈ કારણસર બિરબલ અને તાનસેન વચ્ચે તુતુ-મૈંમૈં થઈ ગઈ. બેઉ એકબીજાને શ્રેષ્ઠ ગણાવતા હતા.

અકબર વચ્ચે પડ્યા અને કહ્યું તમે બેવ રાણા પ્રતાપ પાસે જાઓ અને શ્રેષ્ઠ કોણ તે જાણી મારી પાસે આવજો. બિરબલ અને તાનસેન રાણા પ્રતાપ પાસે પહોંચ્યા. તાનસેને રાણાને એક અદ્‌ભૂત રાગ ગાઈ સંભાળાવ્યો. બિરબલે રાણા પ્રતાપને કહ્યું, 'અમે બેવ આપને મળવા અને ન્યાયની અપેક્ષાએ આવ્યા છીએ. રસ્તામાં બંનેએ એક એક મન્નત માંગી છે. જો આપના તરફથી મારા શ્રેષ્ઠ હોવાનું માનપત્ર મને મળશે તો હું એક સો ગાય ને ગૌશાળામાંથી દત્તક લઈ એમને જીવનભર પાળીશ. અને જો તાનસેન માનપત્ર મેળવશે તો તે ખ્વાજા અલી અબ્બાસની દરગાહ પર એક સો ગાયોની કુરબાની કરશે.'

બિરબલે વાત આગળ વધારતા કહ્યું, 'મહારાજ, હવે સો ગાયોની જિંદગી હાથમાં છે. આપ ઈચ્છો તો ગાયો ને જીવનદાન મળશે, તમારા જો મને શ્રેષ્ઠ હોવાનો માનપત્ર મળશે, અને જો શ્રેષ્ઠ હોવાનો માન પત્ર તાનસેનજીને આપશો તો એક સો ગાયો કતલ થશે.'

રાણા પ્રતાપ એમ કંઈ ગાયોની કતલ થોડી દવા દેત? એમણે તરત અકબરને પત્ર લખી જણાવ્યું કે આપના બિરબલ શ્રેષ્ઠ છે.

ચૂંટણીમાં વિકાસનો મુદ્દો હાંસિયે

તંત્રીસ્થાનેથી...

રાહુલ ગાંધીએ ગુજરાત વિધાનસભાના ચૂંટણી પ્રચારમાં એડીચોટીનું જોર જરૂર લગાડ્યું છે. પરંતુ તેઓ ભાષાવિવેક ચૂક્યા નથી તેમ નિરાશ પણ થયા નથી. હકીકતમાં ગુજરાત જેવા હિંદુત્વની પ્રયોગશાળા ગણાતા રાજયમાં ભાજપ અને સવિશેષ પોતાની 'હિંદુ હૃદય સમ્રાટ' જેવી શાખ ઊભી કરનાર નરેન્દ્ર મોદીને પડકારવા તે કોઈ નાના છોકરાંનો ખેલ નહોતો. મોદી પાસે ગુજરાતના લાડકા સપૂત ઉપરાંત સરદાર પટેલ જેવા મુદ્દાઓ હતા જેનો એમણે ભરપૂર દુરુપયોગ કર્યા છતાં આઈબી રિપોર્ટ સતત ભાજપ માટે ભયજનક સંકેત દર્શાવતા રહ્યા ત્યારે ઘાંઘા થઈને પાકિસ્તાની રાજનયિક અહમદ પટેલને મુખ્યમંત્રી બનાવવા માટે ગુજરાતની ચૂંટણીમાં રસ લઈ રહ્યા હોવાની ખુલ્લેઆમ જાહેરાત કરીને હિંદુ-મુસ્લિમ વૈમનસ્યના ભારેલા અગ્નિ પર ફૂંક મારવાની ઘૃણાસ્પદ રાજનીતિનું શસ્ત્ર ઉગામ્યું છે. અહમદ પટેલ કોઈ પાકિસ્તાની નાગરિક નથી. તેઓ કોંગ્રેસના મોવડીમંડળના સભ્ય છે અને ગુજરાતનું સંસદમાં છેલ્લા ઘણાં વર્ષોથી પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે. જો એમને ગુજરાતના મુખ્યમંત્રી બનવું હોય તો માધવસિંહ સોલંકીને ખસેડીને અમરસિંહ ચૌધરી જેવા સૌમ્ય વનવાસીને બદલે ધરાર પોતે બેસી શક્યા હોય. તેઓ પ્રદેશ પ્રમુખની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે અને કેન્દ્રમાં એઆઈસીસીના જનરલ સેક્રેટરી, ખજાનચી તથા વડાપ્રધાનના સંસદીય સચિવથી લઈ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષના રાજકીય સચિવ (સલાહકાર) ની ભૂમિકા પણ સુપેરે નિભાવી ચૂક્યા છે. અહમદ પટેલ એ પણ જાણે છે કે પોતાના નામે રાજકારણ ખેલીને ભાજપ એના હિંદુત્વના કાર્ડને ધાર કાઢી શકે તથા ગુજરાતમાં રાખમાંથી બેઠી થવા મથકી કોંગ્રેસને મરણતોલ ફટકો મારી શકે એમ છે. આથી તેઓએ આ ચૂંટણી દમરિયાન લો પ્રોફાઈલ રહી માત્ર વ્યૂહાત્મક ભૂમિકા જ ભજવી છે. ચૂંટણી પ્રચારમાં સ્ટાર પ્રચારક તરીકે તેઓ આખું ગુજરાત ધમરોળી શક્યા હોત પણ એમ કરવા જતાં મોદી અને ભાજપને 'મુસ્લિમ મુખ્યમંત્રી'ની મનઘડંત દલીલ બહેકાવવાની અનુકૂળતા સરજાઈ જાત. આટલી કાળજી લીધા છતાં અને રાહુલ ગાંધીએ સૉફ્ટ હિંદુત્વની લાઈન અપનાવ્યા પછી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાથામાંના છેલ્લા શસ્ત્ર તરીકે અહમદ પટેલનું નામ કાઢીને મતદારોને કોમી મૂંઝવણમાં ધકેલવાનું પસંદ કર્યું છે તે એમની હતાશા જ સૂચવે છે. અહમદ પટેલનું ગુજરાતના મુખ્યમંત્રી જ નહીં; ભારતના વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ થવાનો પણ અબાધિત અધિકાર છે અને તે અધિકાર મોદી જેને પોતાનું પવિત્ર ધર્મપુસ્તક માનતા હોવાનો દાવો કરે છે તે બંધારણે જ આપ્યો છે. પરંતુ ચૂંટણીમાં હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવાના બદઈરાદા સર ભારતના વડાપ્રધાન જેવા સર્વોચ્ચ હોદ્દા પર આરૂઢ નેતા જયારે આવી વાહિયાત રજૂઆત કરી મતદાતાઓને આડકતરી રીતે ઉશ્કેરે ત્યારે રાજનીતિમાં એથી વધારે શતમુખ વિનિપાત બીજો હોઈ શકે ખરો? અહમદ પટેલે તો વડાપ્રધાનાં જુઠ્ઠાણાં સામે ટ્વિટ કરીને અટગી ગયા અને પોતે કયારેક મુખ્યમંત્રી પદના ઉમેદવાર હતા નહીં કે હશે નહીં એવું નિવેદન તો અગાઉ પણ કરી જ ચૂક્યા છે રાહુલ ગાંધી આ મુદ્દે બહુ જ શાલીનતાપૂર્વક વર્તી રહ્યા છે અને મોદી એમનાં ભાષણોમાં માત્ર 'મોદી કથા' કરતા હોવાનો કટાક્ષ કરી અટકી જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉઠાવેલા પાકિસ્તાની રાજનયિક અને મણિશંકર ઐયરની મુલાકાત સંદર્ભે ભારતના પૂર્વ સેનાધ્યક્ષે પણ ખુલાસો કરીને સ્પષ્ટ જણાવ્યું છે કે આ બેઠકમાં ભારત-પાક સંબંધો સુધારવા બાબતે જ ચર્ચા થઈ હતી અને એ સિવાયનો બીજો કોઈ જ મુદ્દો ચર્ચાયો ન હતો. જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારતના પૂર્વ સેનાધ્યક્ષ જ આ મુદ્દે ખોટા ઠેરવતા હોય તો એથી વધુ બીજા કોઈ પુરાવાની જરૂર ખરી ? શું ચૂંટણી જીતવા માટે આવા વાહિયાત મુદ્દાઓ સિવાય વડાપ્રધાન પાસે બીજો કોઈ રસ્તો જ નથી બચ્યો ? જે 'વિકાસ'ના ઘોડે ચડીને વિજયકૂચ શરૂ કરેલી એ તો કયાંય ખોવાઈ જ ગયો છે અને એનું સ્થાન અહમદ પટેલે લઈ લીધું છે!

ન આપી એ વોટ તો ફેર શો પડે? મેઘ થોડા છીએ કે દુકાળ પડે?

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'ના... યાર... ચૂંટણીની વાતો ન કરો.' નિલીમા બોલી.

'કોણ જીતશે ? શું લાગે છે ? કોણ આપણી પર રાજ કરશે ?' સમીરે પ્રશ્ન કર્યો.

'અરે... આજે શું આ ફાલતુ સબ્જેકટ લઈને બેઠાં છો ?'

'અહં... હં... નો પોલીટીકસ ... પ્લીઝ.' ફાતીમાએ કંટાળીને કીધુ.

'પ...પણ તમે લોકો વાત તો સાંભળો ?'

કોલેજનું છેલ્લું વર્ષ હતું. સૌ એન્જોય કરી રહયાં હતાં. હવે આ દિવસો પાછા આવવાના નહોતા. 'ધીઝ આર ગોલ્ડન ડેઝ ઈન અવર લાઈફ.નોટ ટુ કમ અગેઈન.' ચૂંટણીમાં વોટ આપીએ કે ન આપીએ શું ફેર પડે છે ? વગેરે કોલેજ કેન્ટીનમાં બેઠાં -બેઠાં બધાં ચર્ચા કરી રહયા હતાં. પોતાનો અભિપ્રાય જણાવી રહયાં હતાં. એટલામાં ડૉ. દવે કેન્ટીનમાં આવી પહોંચ્યા. વિદ્યાર્થીઓ ચોંકી જવાને બદલે આનંદિત થયા હતા. ડૉ. દવે તેમના પ્રિય પ્રોફેસર હતા. ચર્ચાનો દોર આગળ ચાલ્યો.

'સર, હું વોટ ન આપું તો શું ફેર પડે ?' નિલીમાએ ડૉ. દવેને પ્રશ્ન કર્યો.

'મેં તો કયારેય વોટ આપ્યો જ નથી.'સમીર બોલ્યો.

'વોટ આપીએ તો કોને આપીએ ? હા... અને કેન્ડીડેટ બધાં એક સરખા હોય છે. ચોરના ભાઈ ઘંટી ચોર'. 'વોટ આપીએ તોય કોને આપીએ ?'

'અરે.... તને કોઈના ગમે તો નોટાને વોટ આપજે... બસ.. કેમ સર, બરાબરને ?' ઈવીએમના છેલ્લા બટન વિશે ખુલાસો થયો. 'હા... ઉપર પૈકી કોઈ ન ગમે તો તમે નોટાને વોટ આપી શકો છો.' સરે જવાબ આપ્યો. ડૉ. દવે એ વધુ ખુલાસો કરતાં કહયું કે, 'તમને બધાંને મેં શાંતિપૂર્વક સાંભળ્યાં હવે બધાં મને સાંભળો.' ડૉ. દવે બોલ્યા, ''વિશ્વની સૌથી મોટી લોકશાહી આપણે ત્યાં છે. ચૂંટણી એક પર્વ છે. વોટ આપવો એ આપણી પવિત્ર ફરજ છે. જો વોટ નહિ આપો તો તમે ફરિયાદ કરવાનો હક ગુમાવી દો છો. અનેક માછલીઓ દરિયા કિનારે ફેંકાય છે પણ એકને ઉઠાવી દરિયામાં નાખવાથી ઝાઝો ફેર પડતો નથી પણ એ માછલીને ચોક્કસ ફેર પડે છે. તમારા જેવા યુવાનીયાઓ ચૂંટણીમાં વોટ નહિ આપે તો ઘણો ફેર પડે તેમ છે.'' કેન્ટીનમાં બેઠેલા અન્ય વિદ્યાર્થીઓ પણ ડૉ. દવેને સાંભળવા ભેગા થઈ ગયા. 'પાછલા પરિણામોને ધ્યાને લઈએ તો ૫૪% મતદાન થયેલું. ઉદાહરણ તરીકે સમજો કે ૧૦% વોટ એક ઉમેદવારને, બીજાને ૧૪%, ત્રીજાને ૨૨% અને ચોથાને ૮% વોટ મળ્યા હતા. એનો અર્થ એ થયો કે ૨૨% વોટ જેને મળ્યા છે તે ઉમેદવાર વિજેતા જાહેર થયો. એટલે કે ૨૨% વોટ મેળવનાર આપણા પર રાજ કરશે. તેને માત્ર ૨૨% લોકોનું સમર્થન છે બાકીના ૭૮% લોકો તેને પસંદ કરતાં નથી.આટલી સ્પષ્ટતા પછી મહત્ત્વની વાત કાન દઈને સાંભળો.' તેમણે ઉમેર્યું, 'હવે મારા પ્રશ્નનો જવાબ આપો કે, ૨૨% ડ્રાઈવીંગ જાણનારને તમે ડ્રાઈવર તરીકે રાખશો ? ૨૨% નોલેજ હોય તેવા ડૉકટર પાસે તમે દવા કરાવશો ? ૨૨% શેકેલી અને ૭૮% કાચી રોટલી તમે ખાશો ? જો આનો જવાબ ના હોય તો તમારા વોટ ન આપવાથી ઘણો ફેર પડે છે. દેશની લોકશાહીને ફેર પડે છે. ૫૪% નું મતદાન ૯૪% સુધી પહોંચે તો ઉચિત ઉમેદવાર ચૂંટી શકીએ. લોકશાહીના જતન માટે અને તેના સંવર્ધન માટે વોટ આપવો જરૂર નથી પણ અનિવાર્ય છે. 'હું વોટ આપીશ.' નિલીમા બોલી. 'હું ચોકકસ વોટ આપીશ.' સમીરે કબુલ્યું. હું મારી સોસાયટીના બધાંને વોટ આપવા જવા માટે અપીલ કરીશ. ડૉ. દવે માટે કોફી આવી ગઈ હતી. તેમણે છેલ્લે ઉમેર્યું, 'મિત્રો, લોકશાહીને બચાવવી તમારા હાથમાં છે.' હા... સર.... તમારી વાત સાચી છે. બધા એકી અવાજે બોલી ઊઠયા. અમે બહોળા મતદાન થકી લોકશાહીને સ્વસ્થ રાખીશું. અમે ચોકકસ પણે લોકતાંત્રિક અધિકારનો ઉપયોગ કરીશું.

મિસરી

'પહેલી પસંદગી છો તો, એ મુજબ રહો,
બહુ દુ:ખ થશે, તમે જો અથવામાં આવશો.' - ભરત વિંઝુડા

- santoshdevkar03@gmail.com

જેની આંગળી પર શાહીનું ટપકું નથી, તેણે કોઈ પર આંગળી ચીંધવાનો હક નથી

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

હમને સુના થા એક હૈ ભારત સબ મુલ્કોં સે નેક હૈ ભારત
લેકિન જબ નજદીક સે દેખા સોચ સમજ કર ઠીક સે દેખા
હમને નકશે ઔર હી પાએ બદલે હુએ સબ તૌર હી પાએ
એક સે એક હી બાત જુદા હૈ, ધર્મ જુદા હૈ જાત જુદા હૈ
આપ ને જો કુછ હમ કો બટાયા, વહ તો કહી ભી નજર ન આયા ।
જો કુછ મૈંને તુમ કો પટાયા, ઉસમે કુછ ભી જૂઠ નહીં
ભાષા સે ભાષા ન મિલે તો ઈસકા મતલબ ફૂટ નહીં
ઈક ડાલી પર રહ કર જબ ફૂલ જુદા હૈ પાત જુદા
બુરા નહીં ગર ચૂં હી વતન મેં ધર્મ જુદા હો જાત જુદા ।
સદિયોં તક ઈસ દેશ મેં બચ્ચો રહી હુકૂમત ગૈરોં કી
અભી તલક હમ સબકે મુંહ પર ધુલ હૈ ઉનકે પૈંરો કી,
લડવાઓ ઔર રાજ કરો, યહ ઉન લોકો કી હિકમત થી
ઉન લોકોં કી ચલ મેં આના હમ લોકોં કી જિલ્લત થી,
યહ જો બૈર હૈ ઈક દૂજે સે યહ જો ફુટ ઔર રંજિસ હૈ
ઉન્હી વિદેશી આકાઓં કી સોચી સમજી બખશિશ હૈ ।
જન્મ સે કોઈ નીચ નહીં હૈ, જન્મ સે કોઈ મહાન નહીં
કરમ સે બઢકર કિસી મનુષ્ય કી કોઈ ભી પહચાન નહીં ।
અબ તો દેશ મેં આઝાદી હૈ અબ ક્યોં જનતા ફરિયાદી હૈ,
કબ જાએગા દૌર પુરાના, કબ આયેગા નયા જમાના ?
સદિયોં કી ભૂખ ઔર બેકારી ક્યા ઈક દિન મેં જાયેગી,
ઈસ ઉજડે ગુલશન પર રંગત આતે આતે આયેગી,
યે જો નહે મનસૂબે હૈ યે જો નઈ તામીરે હૈ
આને વાલી દૌર કી કુછ ધુધલી - ધુધલી તસ્વીરે હૈ,
તુમ હી રંગ ભરોગે ઈનમેં તુમ હી ઈન્હેં ચમકાઓગે
નવયુગ આપ નહીં આયેગા નવયુગ કો તુમ લાઓગે ।

આ ગીત ફિલ્મ દીદીનું છે... મહંમદ રફી દ્વારા ૧૯૫૯માં ગવાયેલું આ ગીત પડદા પર સુનિલ દત્ત અભિનય દ્વારા ગાય છે, આ ગીત સાંભળીને અત્યારે ૨૦૧૭ના અંતમાં બેઠા હોવા છતાં પણ એટલું જ પ્રસ્તુત લાગ્યું માટે અહીં મૂક્યું છે... સુનિલ દત્ત સ્કૂલમાં શિક્ષક છે, અને વિદ્યાર્થીઓ દ્વારા તેમને આ ગીતની શરુઆતમાં પ્રશ્ન પૂછવામાં આવે છે... આમ પ્રશ્ન અને ઉત્તરની લઢણમાં સાહીરજીના શબ્દોમાં લખાયેલું આ ગીત જાણે અત્યારની પરિસ્થિતિઓ માટે જ લખાયેલું હોય તેમ લાગે છે...

આજે આપણે કેટલા આગળ વધી ગયા છીએ... ટેકનોલોજી અને ડેવલપમેન્ટમાં હરણફાળ ભરી રહ્યા છીએ, તો પણ હજી આજે પણ આપણે ત્યાં આજ જાત-પાત, અમીરી-ગરીબી જેવા તકીયાનૂસી જાળા લાગેલા મુદ્દાઓ ગમે ત્યારે વેતાળની જેમ આપણા ગળે ભરડો લઈ લે છે...

૧૯૫૯થી ૨૦૧૭ અડધો સૈકો વીતી ગયો... અને હજી આજે પણ ઉપરના ગીતમાં વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો જેમના તેમ ઉપસ્થિત છે... આ નામોશી માટે તકવાદી રાજકારણીઓ નહીં પરંતુ આપણે જ જવાબદાર છીએ... ગમે તેવા વિકાસના સોપાન સર કરીએ પણ આપણે હજી સંપૂર્ણતયા 'સ્વયં-પ્રજ્ઞા વપરાશ કર્તા' બન્યા નથી...

શું આપણા બાળકો અને આગામી પેઢી માટે આપણે આવું પછાત અને અબૂધ જાતિવાદી ભારત મૂકતા જવું છે ?

સરેરાશ વ્યક્તિ કાં તો દંભી અને અપ્રામાણિકતાને આત્મસાત્ કરી ચૂકયા છે, અથવા તો સંપૂર્ણ નિરાશાવાદી અભિગમ દાખવીને 'અકર્મણ્યતા' ને વરી ચૂકયો છે...

જે દેશમાં ૬૦-૬૫ % મતદાનને સારું મતદાન ગણવામાં આવતું હોય, ત્યાં કોઈ દિવસ ઉદ્ધાર શક્ય નથી...

અરે ! સરેરાશ ૪૦ % ઉદાસીન - બેજવાબદાર અને કહેવાતા સભ્ય લોકો દ્વારા જ મતદાન પ્રત્યે ઉદાસીન વલણ દાખવવામાં આવે છે... અરે ! જે વ્યક્તિની આંગળી પર શાહીનું ટપકું નથી, તેને કોઈ પર આંગળી ચીંધવાનો હક નથી...

પ્રથમ તબક્કામાં જોવા મળ્યું કે ડાંગ, તાપી, નર્મદા જેવા આદિવાસી કહેવાતા વિસ્તારોમાં ૭૦ કે ૭૨ % મતદાન થયું અને શહેરોમાં ૬૦ કે ૬૫ % મતદાન થયું... આવું થાય ત્યારે આદિવાસી વ્યક્તિ અને શહેરી વ્યક્તિની વ્યાખ્યા ઉલટ-સુલટ કરી દેવાનું મન થઈ આવે છે...

આજના જેટ યુગમાં પણ કોઈ આપણને જાતિગત - જાતિ આધારે ભરમાવી શકે તે નાલેશી ભર્યું છે... વૉટ કોને આપવો કોને નહીં તે સ્વસ્થ ચિત્તે કોઈ પણ જાતિગત ચશ્મા પહેર્યા વગર નક્કી કરવું જોઈએ...

આખી દુનિયાના સૌથી મોટા લોકતંત્ર દેશ ભારતની ચૂંટણી પદ્ધતિ અને 'ચૂંટણી પંચ'ની કામગીરીનો દુનિયાના બીજા મોટા-મોટા દેશો ખૂબ જ આદર અને આશ્ચર્યની નજરથી જુએ છે, અને આટલા વિશાળ દેશમાં તટસ્થતા પૂર્વક મતદાન પ્રક્રિયા કરાવવા બદલ સરાહના કરી છે... 'ન્યૂટન' નામક માસ્ટર પીસ ફિલ્મ ઑસ્કાર માટે આમ ને આમ થોડી સિલેક્ટ થઈ હશે ?

અને આપણે ચૂંટણીના દિવસે મળતી જાહેર રજાને ફરવામાં વાપરી નાંખીએ છીએ, આગામી પેઢીને ઈતિહાસના પુસ્તકમાં માત્ર એવું નહીં ભણાવી શકાય કે આપણે માત્ર અંગ્રેજોના જ ગુલામ હતા કે જેમણે 'ભાગલા પાડો - રાજ કરો' ની નીતિ અંતર્ગત ગુલામ રાખ્યા...

આગામી પેઢીને ભણાવું પડશે કે આપણે ૧૯૪૭ પછી પણ એવી ઘણી તકીયાનૂસી અને નાલેશીભરી જાતિગત સમીકરણો ચલાવતા તકવાદીઓના પણ ગુલામ હતા... Sorry હજુ છીએ... રાષ્ટ્રવાદી હોવું અહીં ગુનો છે. પરંતુ જાતિવાદી હોવું અભિમાનમાં ખપાવાય છે...

આજનું ટાબરીયું મોટું થઈને કેવી રીતે માનશે કે એક તરફ આપણે મંગળ પર યાન પહોંચાડતા હતા અને બીજી તરફ જાતિના મત-મતાંતર મારે લોકયાન (બસ) ને સળગાવી દેતા હતા...

મતદાન કરવા પ્રત્યે સજગ ન રહીને આપણે કયું ઉદાહરણ આપણા બાળકો સમક્ષ પ્રસ્તુત કરવા માંગીએ છીએ ?

જાતિગત કે ભ્રમિત કરતી સંકુચિત માનસિકતા તરફ ન દોરાઈને માત્ર 'સ્વયં પ્રજ્ઞા' વપરાશ કર્તા બનીને દીર્ઘકાળનું વિચારીને મત આપીએ અને અપાવીએ... આ આપણી ફરજ છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સંકલ્પ બળથી સર કર્યા સિદ્ધિના શિખર

અજવાળું - અજવાળું
તુષાર જોશી

તમે બોર્ડના પ્રથમ દસમા આવ્યા, બહુ એસઆઈટેડ હશો નહિ? ટીવી ચેનલના પ્રતિનિધિએ ઋતાને પુછ્યું તો જવાબ મળ્યો, 'ના રે ના, બોર્ડે નક્કી કરેલા સીલેબલ મુજબ મેં તૈયારી કરીને નંબર મેળવ્યો એમાં શું ? સિદ્ધિ તો ત્યારે હશે જયારે મારા જ્ઞાન ઉપર આધારિત કોઈ સર્જન હું કહીશ...'

મૂળ દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાનો યશવંતભાઈ અને હંસાબેનનો પરિવાર અમદાવાદમાં રહી બંને શિક્ષક તરીકે કામ કરે. ત્રણ દીકરા પૈકી પરિમલ દેસાઈ અને પુત્રવધૂ ગીતા દેસાઈની દીકરી ઋતાની આ વાત છે. એનો જન્મ ધનતેરસના દિવસે થયો હતો. પિતા રાજય સરકારમાં માહિતી વિભાગમાં એડિટોરિયલ વિભાગમાં નોકરી કરે... પ્રાથમિક શિક્ષણ કચ્છના અંજારમાં લીધું અને પછી અમદાવાદ આવ્યો પરિવાર બાળપણથી જ ટેન્શન કે ટ્રેસ વિના સહજપણે ભણતી ને નાનાભાઈ નીશુ જોડે ધમાલ કરતી ઋતા ધોરણ દસમા ખુબ સારા માર્કસ લાવી અને પછી ધોરણ બારમાની પરિક્ષામાં રાજય કક્ષાએ પ્રથમ દસમા ક્રમ મેળવ્યો. એનું સન્માન સંસ્કાર કેન્દ્ર ખાતે થયું ત્યારે એણે સાવ નિખાલસતાથી લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું હતું અને આજે થોડા વર્ષો બાદ એ વાક્ય ધીમે ધીમે સાકાર થવા તરફ જઈ રહ્યાનો એને આનંદ છે.

ધોરણ બાર પછી ઋતાએ Nit સુરતમાં પ્રવેશ મેળવ્યો, ઈલેકટ્રોનિકસ અને કોમ્યુનિકેશનના અભ્યાસક્રમમાં બન્યું એવું કે કૉલેજમાં ટેકનિકલ ફેસ્ટિવલ હતો. ઋતાએ આપેલા પ્રોજેક્ટ - પ્રેઝેન્ટેશનમાં IISC બેંગ્લોરમાં પ્રોફેશરને રસ પડ્યો. એ ફલાઈટ ટુ ફલાઈટ અભ્યાસ માટે બેંગ્લોર જતી આવતી થઈ... એક નવી દિશા ખુલી રોબોટીક્સ ટેકનોલોજી ક્ષેત્રે રીસર્ચની. ત્રીજા વર્ષમાં હતી ત્યારે સ્કોલરશીપ સાથે ત્રણ મહિના જર્મની ગઈ. તેણીએ સ્વપ્ન જોયું કે બીજે બધે જ રોબોટીક્સ માટે ડીપાર્ટમેન્ટ હોય પરંતુ અમેરિકાની કાર્નેગી મેલન યુનિ.માં અલગ RI (રોબોટીક ઈન્સ્ટીટયુટ) છે એટલે ભણવું તો હવે ત્યાં જ. મહેનત ફળી તો એડમિશન મળ્યું પરંતુ બે વર્ષ ભણવાનો ખર્ચ રૂપિયા ૨૭ લાખ હતો. માથે દેવાનો ડુંગર કરે તોયે પિતા પરિમલ દેસાઈ ટૂંકા પડે એમ હતા. દીકરીએ પિતાની વેદના અને લાગણી જોઈને કહી દીધું, 'મારે દેવું કરીને અમેરિકા ભણવા જવું નથી, નોકરી કરીશ, પૈસા ભેગા કરીશને પછી જઈશ.' ઘરમાં સહુ નિરાશ થઈ ગયા હતા.

એકાએક ચોમાસાના ગોરંભાયેલા કાળા વાદળા ચીરીને સૂરજના કિરણો પ્રકાશ પાથરે એમ રાજય સરકારના જે તે સમયના IAS અધિકારી રવિ સકસેનાને માર્ગદર્શન માટે મળવાનું થયું... એક કલાકની મુલાકાત પછી એમણે કહ્યું, પરિમલ દેસાઈને 'આ દીકરી કાર્નેગી મેલનમાં જ ભણશે, હિંમતથી લોન-ઉછીના જે મળે એ પૈસા ભેગા કરો... હું પણ તમને મદદ કરીશ... ઈશ્વર મદદ કરશે, દરવાજા ખોલશે... આ શબ્દોએ બાપ-દીકરાના મનોરથોને ફરી જીવંત કર્યા... થોડા પૈસા ભેગા કર્યા.'

દરેક મા-બાપના હૈયામાં પોતાની દીકરીના શ્રેષ્ટ ભવિષ્ય નિર્માણ માટેના સપના હોય છે એને પાંચીકા રમતી કે ચકડોળમાં બેસીને હસતી જોવાનો જે આનંદ હોય છે એવો જ આનંદ એની યુવાન વયે એના સપના પુરા કરવા માટેના એના પ્રયત્નોમાં સતત આગે કદમ માંડી રહેલી દીકરીને જોવી એનો પણ હોય છે.

દીકરી પોતાના સપના પુરા કરે, વિશ્વમાં શ્રેષ્ઠ યુનિ. માં અભ્યાસ કરે, એ અભ્યાસને રિસર્ચ થકી માન-સન્માન મેળવે ત્યારે દીકરીને મા-બાપને અને મિત્રોને ગૌરવ અનુભવાય એ સ્વાભાવિક છે.

સ્વ બળથી વિદેશમાં રહીને પણ શ્રેષ્ઠ પરિણામો મેળવનારી દીકરીની સિદ્ધિઓ માતા-પિતા અને પરિવાર માટે અજવાળું બની રહે છે.

●●●

મને માર્કેટીંગમાં નહીં રિસર્ચમાં રસ છે.

(ભારતમાં મસમોટા પગાર આપનારી એક કંપનીએ માર્કેટિંગ ટીમમાં જોડાવા ઑફર કરી ત્યારે ઋતાએ કહેલું વાક્ય...)